પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૩૩ | ૫ નવેમ્બર, ૨૦૨૨, શનિવાર; કારતક સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# મધ્ય પ્રદેશના બૈતૂલમાં ભીષણ રોડ અકસ્માત

**બસ અને કાર વચ્ચે ભયંકર ટક્કર થતાં ૧૧ લોકોના મોત : માનવામાં આવી રહ્યું છે કે કારમાં સવાર મુસાફરોના સૌથી વધારે મોત થયા છે : પોલીસે તપાસ શરૂ કરી**



બૈતૂલ,તા.૪

મધ્ય પ્રદેશના બૈતૂલમાં આજે સવાર સવારમાં એક ભીષણ રોડ અકસ્માત થઈ ગયો હતો. બૈતૂલ જિલ્લાના ઝલ્લર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક બસ અને કારની અથડામણ થઈ ગઈ હતી. જેમાં ૧૧ લોકોના મોત થઈ ગયા છે. આ દુર્ઘટનામાં એક પેસેન્જર ઘાયલ પણ થયો છે. જેને સારવાર માટે હોસ્પિટલમાં ભરતી કરાવ્યો છે. આ દુર્ઘટનાની જાણકારી બૈતૂલના એસપી સિમલા પ્રસાદે આપી છે. આ દુર્ઘટનાની તસ્વીરો પ્રકાશિત કરી છે, જેમાં જોઈ શકાય છે કે, બસ અને કારની આમને સામને ટક્કર થઈ ગઈ છે અને કેવી રીતે કારના ચિથરા ઉડી ગયા છે. માનવામાં આવી રહ્યું છે કે કારમાં સવાર મુસાફરોના સૌથી વધારે મોત થયા છે. બસને ફક્ત આગળના ભાગે નુકસાન થયું છે. હાલમાં વધુ વિગતોની રાહ જોઈ રહ્યા છીએ. આપને જણાવી દઈએ કે, ૨૧ ઓક્ટોબરની રાતે મધ્ય પ્રદેશના રીવામાંથી પણ ભયંકર રોડ અકસ્માત થયો હતો. દિવાળીના ઠીક બે દિવસ પહેલા રીવા જિલ્લામાં આવેલી સોહાગી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ સોહાગી પહાડ નજીક બસ અને ટ્રકની અથડામણ થતાં ભયંકર રોડ અકસ્માત થયો હતો. જેમાં ૧૫ લોકોના મોત થઈ ગયા હતા. બસમાં મજૂરો સવાર હતા. જે હૈદરાબાદથી યૂપીની રાજધાની લખનઉ જઈ રહ્યા હતા.

## નાટો જૂથના બે દેશ ગ્રીસ અને તૂર્કી વચ્ચે પણ ટકરાવના ભણકારા

**યુરોપમાં તણાવમાં વધારો થયો : આ બંને દેશો નાટોમાં ૧૯૫૨માં એક સાથે સામેલ થયા હતા, જોકે તે પહેલાથી બંને દેશો વચ્ચે સબંધ ખરાબ રહ્યા છે**

મોસ્કો, તા.૪

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુધ્ધના માહોલમાં નાટો જૂથના બે શક્તિશાળી દેશ ગ્રીસ અને તુર્કી વચ્ચે પણ ટકરાવના ભણકારા વાગી રહ્યા છે અને તેના કારણે યુરોપ વધારે ટેન્શનમાં છે.




આ બંને દેશો નાટોમાં ૧૯૫૨માં એક સાથે સામેલ થયા હતા. જોકે તે પહેલાથી બંને દેશો વચ્ચે સબંધ ખરાબ રહ્યા છે.એજિયન સમુદ્ર પર પોતાના અધિકારીને લઈને આ બંને દેશો ફરી એક બીજાની સામે બાથ ભીડવા માટે બાંયો ચઢાવી રહ્યા છે.

ગ્રીસ અને તુર્કી નાટો માટે વ્યૂહાત્મક રીતે બહુ મહત્વના છે.બંને દેશો પાસે નોંધપાત્ર સૈન્ય શક્તિ પણ છે.તુર્કી સાથેના વિવાદના કારણે ગ્રીસ પોતાના કુલ બજેટના બે ટકા સતત સંરક્ષણ પાછળ ખર્ચ કરતુ આવ્યુ છે.

ગ્રીસ પોતાની વાયુસેનાને મજબૂત બનાવવા માટે ફ્રાન્સ પાસેથી ૨૪ રાફેલ વિમાન ખરીદી ચુકયુ છે.ગ્રીસ પાસે અમેરિકન બનાવટના એફ-૧૬ વિમાનોનો મોટો કાફલો છે.જેને તે અપડેટ પણ કરી રહ્યુ છે.તુર્કીના ડ્રોનનો મુકાબલો કરવા માટે ગ્રીસે ઈઝરાયેલની આયરન ડોમ એર ડિફેન્સ સિસ્ટમ તૈનાત કરી છે.ગ્રીસ સબમરિન વિરોધી હેલિકોપ્ટર્સ પણ ખરીદવા જઈ રહ્યુ છે.

ગ્રીસ પાસે ટેંકોનો પણ મોટો કાફલો છે.તો બીજી તરફ તુર્કી પાસે પોતાના ઘાતક બયરક્તાર પ્રકારના ડ્રોન છે.જેણે યુક્રેન અને રશિયા યુધ્ધથી દુનિયાનુ ધ્યાન ખેંચ્યુ છે.અન્ય નાટો દેશો કરતા તુર્કી પાસે સૌથી મોટી નૌસેના અને મોટી સંખ્યામાં ફાઈટર જેટસ મોજુદ છે.

તુર્કી ગ્રીસનો મુકાબલો કરવા માટે જર્મની પાસેથી છ સબમરિન પણ ખરીદવા જઈ રહ્યુ છે.ગ્રીસ પાસે જર્મનીની જ ચાર સબમરિન છે.તુર્કીની ઈકોનોમી પણ ગ્રીસ કરતા વધારે મોટી છે.તુર્કી ડિફેન્સ બજેટ પણ વધારવા જઈ રહ્યુ છે.

આ બંને દેશો વચ્ચે ૧૯૭૪માં સાઈપ્રસ વોર વખતે અને ૧૯૯૬માં ઈમિયા નામના વિસ્તાર

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હી મ્યુ.કોર્પો.નું ૪ ડિસેમ્બરે મતદાન

**સાતમીએ પરિણામ : દિલ્હી કોર્પોરેશનની ચૂંટણી માટે એક એપ બનાવાઈ : દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન હેઠળ ૬૮ મતવિસ્તાર છે, જેમાં ૨૫૦ વોર્ડ નક્કી કરવામાં આવ્યા**

નવી દિલ્હી, તા.૪

દિલ્હીમાં આજે એમસીડી (દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન) ચૂંટણીની તારીખનુ એલાન થઈ ગયુ છે. ચૂંટણી કમિશનરે જણાવ્યુ કે ચાર ડિસેમ્બરે મતદાન થશે અને સાત ડિસેમ્બરે પરિણામ જાહેર થશે.

દિલ્હી રાજ્ય ચૂંટણી કમિશનર વિજય દેવે જણાવ્યુ કે દિલ્હીમાં ૪ ડિસેમ્બરે મતદાન થશે અને ૭ ડિસેમ્બરે પરિણામ જાહેર કરવામાં આવશે. દિલ્હીમાં સીમાંકન પ્રક્રિયા જરૂરી હતી, આ લાંબી પ્રક્રિયા છે. અમે સમય મર્યાદામાં સીમાંકન પ્રક્રિયાને પૂરી કરી. મતદાન કેન્દ્રોની ફરીથી રૂપરેખા તૈયાર કરવામાં આવી. દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન હેઠળ ૬૮ મતવિસ્તાર છે, જેમાં ૨૫૦ વોર્ડ નક્કી કરવામાં આવ્યા છે. ચૂંટણી કમિશનરે જણાવ્યુ કે એસસી મહિલાઓ માટે ૨૧ બેઠક અનામત છે. કોર્પોરેશનની ચૂંટણી માટે એક એપ બનાવવામાં આવી છે. લોકો એપ પર પોતાનુ નામ જોઈ શકે છે અને ફરિયાદ પણ નોંધાવી શકો છો.

ચૂંટણી કમિશનરે પ્રેસ કોન્ફરન્સમાં એ જાણકારી આપી કે એમસીડી ચૂંટણીને ધ્યાનમાં રાખતા આજથી જ આચાર સંહિતા લાગુ થાય છે. રાતે ૧૦ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધી લાઉડસ્પીકર પર પ્રતિબંધ રહેશે.

## મેટાના ભારતીય યુનિટના વડા અજિત મોહનનું રાજીનામું

**સોશિયલ મીડિયા કંપનીઓના હોદ્દેદારોમાં ફેરફાર : અજિતે કંપનીની બહાર બીજી તક શોધવા માટે પદભાર છોડ્યો હોવાનો નિકોલા મેન્ડેલસન દ્વારા સ્પષ્ટતા**

નવી દિલ્હી, તા.૪

અગાઉ ફેસબૂકના નામે ઓળખાતી મેટાના ભારતીય



યુનિટના વડા, વીપી અને એમડી અજિત મોહને અચાનક રાજીનામું આપી દીધું છે. મોહનનું રાજીનામું ૩ નવેમ્બર, ૨૦૨૨થી તાત્કાલિક અસરથી અમલમાં આવ્યું છે. કંપની દ્વારા મોહનના અચાનક રાજીનામાનું કારણ જણાવવામાં આવ્યું નથી પરંતુ પ્રાપ્ત માહિતી અનુસાર તેઓ મેટા સાથે છેડો ફાડીને અન્ય એક દિગ્ગજ સોશિયલ વીડિયો મેસેંજિંગ એપ સાથે જોડાઈ શકે છે.

અજિત મોહન જાન્યુઆરી ૨૦૧૯માં ફેસબુક સાથે જોડાયા હતા અને સબુક ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર બન્યા હતા. મેટાના ગ્લોબલ બિઝનેસ ગ્રુપના વાઈસ પ્રેસિડેન્ટ નિકોલા મેન્ડેલસને એક નિવેદનમાં જણાવ્યું કે અજિતે કંપનીની બહાર બીજી તક શોધવા માટે પદભાર છોડ્યો છે. કંપની તેમની આ ૪ વર્ષની સેવા બદલ આભારી છે. આ સમયગાળામાં બદલાઈ રહેલ ભારતમાં કંપનીની કામગીરીને આકાર આપવા અને આગળ વધારવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

અજિત મોહન જાન્યુઆરી ૨૦૧૯માં હોટસ્ટાર છોડીને મેટામાં જોડાયા હતા. મેટા અગાઉ ફેસબુક તરીકે ઓળખાતું હતું. મેન્ડેલસને કહ્યું "અમે ભારતના બજાર માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છીએ.

## ઋષિ સુનક લંડન ટ્યુબ સ્ટેશન પર મુસાફરોને પોપીઝ વેચતા જોવા મળ્યા

**બ્રિટનના નવા વડાપ્રધાનની અનોખી સ્ટાઈલ : આ ફૂલોને કાગળમાંથી બનાવવામાં આવ્યા હતા અને સુનકે ભંડોળ ઊભું કરવા માટે એક ફૂલ ૫ પાઉન્ડમાં વેચ્યું હતું**

લંડન, તા.૪

બ્રિટનની અર્થવ્યવસ્થા મંદીમાં છે, ફુગાવો આસમાને છે અને રાજકીય અસ્થિરતા પણ જોવા મળી રહી છે. સ્પષ્ટ છે કે આવી




સ્થિતિમાં દેશના નવા વડાપ્રધાન ઋષિ સુનકની સામે મોટા પડકારો છે. આમ છતાં પીએમ સુનકની અનોખી સ્ટાઈલ જોવા મળી રહી છે. સુનક લંડન ટ્યુબ સ્ટેશન પર મુસાફરોને પોપીઝ (એક પ્રકારનું ફૂલ) વેચતા જોવા મળ્યા હતા. પોતાના ટોચના નેતાને આવું કરતા જોઈને લોકો આશ્ચર્યચકિત થઈ ગયા. આ ફૂલોને કાગળમાંથી બનાવવામાં આવ્યા હતા અને સુનકે ભંડોળ ઊભું કરવા માટે એક ફૂલ ૫ પાઉન્ડમાં વેચ્યું હતું. આ ભંડોળ રોયલ બ્રિટિશ લીજનના વાર્ષિક લંડન પોપી ડે માટે એકત્ર કરવામાં આવ્યું હતું. યુકેના પીએમ બ્રિટિશ આર્મી, નેવી અને એરફોર્સના સ્વયંસેવકોનો ભાગ બન્યા જે ઘરે-ઘરે જઈને લોકો પાસે દાન માંગી રહ્યા છે.

આવા જાહેર સ્થળે પીએમ સુનકની હાજરીને કારણે સામાન્ય લોકોને તેમની સાથે આવીને વાત કરવાનો મોકો મળ્યો. ઘણા લોકોએ તેમના વડાપ્રધાન સાથે સેલ્ફી લીધી અને તેમની સાથે થોડી ચર્ચા કરી. આ પછી કેટલાક લોકોએ સોશિયલ મીડિયા પર તસવીરો શેર કરી અને પોતાનો અનુભવ જણાવ્યો. લોકોએ ભારતીય મૂળના પ્રથમ બ્રિટિશ વડા પ્રધાન સાથે વાતચીત કરવાના અનુભવને અદ્ભુત ગણાવ્યો.

## અમૃતસરમાં શિવસેનાના નેતા સુધીર સૂરીની ગોળી મારીને હત્યા

**કચરામાંથી મળેલી મૂર્તિઓના વિરોધમાં ધરણા પર હતા : ભીડમાંથી કોઈએ તેમના પર ફાયરિંગ કર્યું, ગોળીઓના અવાજથી અફરાતફરી મચી ગઈ, એકની ધરપકડ કરાઈ**



અમૃતસર, તા.૪

અમૃતસરમાં શિવસેનાના નેતા સુધીર સૂરીની શુક્રવારે જાહેરમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. પોલીસે આ મામલામાં એક જણાની ધરપકડ કરી છે. કચરામાંથી મળેલી મૂર્તિઓના વિરોધમાં સુરી ગોપાલ મંદિરની બહાર ધરણા પર બેઠા હતા. આ દરમિયાન ભીડમાંથી કોઈએ તેના પર ફાયરિંગ કર્યું. ગોળીઓના અવાજથી અફરાતફરી મચી ગઈ હતી.

દિવસે થયેલી હત્યાના પગલે વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ હતી.પોલીસે હુમલાખોરોને પકડવા માટે નાકાબંધી શરૂ કરી છે.

સુધીર સૂરી શિવસેના હિન્દુસ્તાનના વડા રહી ચૂક્યા છે. તેમના પર બે થી ત્રણ ગોળીઓ ચલાવવામાં આવી છે. મળતી માહિતી પ્રમાણે સુધીર સુરી પર હુમલો કરવાની છેલ્લા કેટલાક સમયથી યોજના ઘડવામાં આવી રહી હતી. પોલીસે ગયા મહિને કેટલાક ગેંગસ્ટરોની ધરપકડ પણ કરી હતી. પંજાબમાં, એસટીએફ અને અમૃતસર પોલીસે ગયા મહિને ૨૩ ઓક્ટોબરના રોજ જોઈન્ટ ઓપરેશનમાં ૪ ગેંગસ્ટરોની ધરપકડ કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## ટ્વીટર ખરીદ્યા બાદ મસ્કે ફેરફાર શરૂ કર્યા

**ટ્વીટરના કર્મચારીઓને કાઢી મૂક્યા છે કે કેમ તેની ઈમેઈલથી જાણ કરાશે**

વોશિંગ્ટન, તા.૪

એલોન મસ્કે ટ્વિટરને ૪૪ અબજ ડોલરમાં ખરીદ્યા પછી કંપનીમાં મૂળભૂત ફેરફારો શરૂ કર્યા છે. રિપોર્ટ અનુસાર, એલોન મસ્કે ટ્વિટરમાંથી ૩૭૦૦ કર્મચારીઓને દૂર કરવાની યોજના બનાવી રહ્યાં હતા. ત્યારે હવે વધુ એક ચોંકાવનારા સમાચાર બહાર આવ્યા છે.

સોશિયલ મીડિયા કંપની ટ્વિટરે તેના કર્મચારીઓને એક ઈમેઈલ મોકલ્યો છે, જે પ્રમાણે, શુક્રવારે સવારે ૯ વાગ્યા સુધીમાં કર્મચારીઓને જાણ કરવામાં આવશે કે, તેમને કંપનીમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે કે નહીં?

## સેમિફાઈનલમાં ભારત-પાકની ટક્કરની શક્યતા

**ટી૨૦ વર્લ્ડ કપ નોકઆઉટ સ્ટેજમાં પહોંચવાની તૈયારી : પાકિસ્તાને ચોથી મેચમાં દક્ષિણ આફ્રિકાને ૩૩ રનથી હરાવતા ટીમની સેમિફાઈનલમાં પહોંચવાની આશા જીવંત**

નવી દિલ્હી, તા.૪

આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ લીગ હવે વધારે રોમાંચક બની ગઈ છે. ટૂર્નામેન્ટ નોકઆઉટ સ્ટેજમાં પહોંચવાની તૈયારીમાં છે. જો કે હજી સુધી સેમીફાઈનલ માટે એક પણ ટીમ ક્વોલિફાય નથી થઈ. બન્ને ગ્રુપમાં ખાસી ઉથલપાથલ મચી ગઈ છે, જેનો શિકાર ઈંગ્લેન્ડ અને પાકિસ્તાન જેવી ટીમો બની છે. આ સિવાય વરસાદને કારણે પણ ઘણાં સમીકરણો બદલાઈ ગયા છે.

ગ્રુપ-૨ની મજબૂત ટીમોમાં પાકિસ્તાનની પણ ગણતરી કરવામાં આવતી હતી, પરંતુ શરુઆતની બન્ને મેચમાં તેણે હારનો સામનો કરવો પડ્યો. પરંતુ પછી સતત બે મેચ જીતીને તેણે સેમીફાઈનલ સુધી પહોંચવાની આશા જગાવી છે. પરંતુ હજી પણ પાકિસ્તાન માટે રસ્તો કપરો છે. આ ગ્રુપમાં કોઈ મોટો પલટવાર થાય અથવા તો પાકિસ્તાન અંતિમ મેચ મોટા અંતર સાથે જીતે તો જ સેમીફાઈનલમાં પહોંચી શકે છે.

સુપર-૧૨ના ગ્રુપ-૨માં સેમીફાઈનલ માટે જો અને તોની સ્થિતિ સર્જાઈ છે. પાકિસ્તાન માટે હજી પણ સેમીફાઈનલ સુધી પહોંચવાની સંભાવના જીવિત છે. પાકિસ્તાને ચોથી મેચમાં દક્ષિણ આફ્રિકાને ૩૩ રનથી હરાવી છે. પાકિસ્તાનની ટૂર્નામેન્ટમાં આ બીજી જીત હતી અને તેનો સ્કોર ચાર થઈ ગયો છે. પોઈન્ટ ટેબલમાં ભારતીય ટીમ પાસે છ સ્કોર છે જ્યારે ૫ સ્કોર સાથે સાઉથ આફ્રિકા બીજા સ્થાન પર છે.

હવે દર્શકોની નજર અંતિમ મેચ પર છે. આ ગ્રુપમાં ઝિમ્બાબવે અને નેધરલેન્ડ સેમીફાઈનલની રેસમાંથી બહારથઈ ગયા છે. ભારતીય ટીમ પોતાની અંતિમ મેચ ઝિમ્બાબવે વિરુદ્ધ રમશે જ્યારે દક્ષિણ આફ્રિકાનો સામનો નેધરલેન્ડ સાથે થશે. જો નેધરલેન્ડની ટીમ દક્ષિણ આફ્રિકાને હરાવશે તો પોઈન્ટ ટેબલમાં તેનો સ્કોર વધશે નહીં. અને પરિણામે પાકિસ્તાન પાસે અંતિમ મેચમાં જીત મેળવીને સેમીફાઈનલ સુધી પહોંચવાની એક તક રહેશે. પરંતુ આના માટે નેધરલેન્ડ દક્ષિણ આફ્રિકાને હરાવે તે જરૂરી છે.

ઉલ્લેખનીય છે કે પાકિસ્તાનની સાથે બાંગ્લાદેશની ટીમ પાસે પણ ૪ સ્કોર છે અને અંતિમ મેચમાં આ બન્ને ટીમો એકબીજા સાથે ટકરાશે. ટૂર્નામેન્ટમાં બાંગ્લાદેશે ભારત જેવી ટીમને ટક્કર આપી છે. તેવામાં પાકિસ્તાન માટે બાંગ્લાદેશની ટીમને હરાવવી સરળ નહીં હોય. બાંગ્લાદેશ પણ પાકિસ્તાનને હરાવીને સેમીફાઈનલ સુધી પહોંચવાનો પૂરો પ્રયત્ન કરશે, પણ તેણે પણ નેધરલેન્ડ અને સાઉથ આફ્રિકાની મેચ પર નિર્ભર રહેવું પડશે. ઓસ્ટ્રેલિયામાં રમાઈ રહેલી આ સીરિઝમાં વરસાદને કારણે ઘણાં સમીકરણો બદલાયા છે. નેધરલેન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની મેચમાં વરસાદ પડશે અને તે મેચ રદ્દ કરવામાં આવશે તો પાકિસ્તાનનો ખેલ ખરાબ થઈ શકે છે. કારણકે આ સ્થિતિમાં બન્ને ટીમોને એક-એક પોઈન્ટ મળશે, જેનાથી દક્ષિણ આફ્રિકાના ૬ પોઈન્ટ થઈ જશે. જો કે, પછી વાત રનરેટ પર આવી જશે, પરંતુ તેના માટે પાકિસ્તાને બાંગ્લાદેશને મોટા અંતર સાથે હાર આપવી પડશે.

ગ્રુપ-૨માં ટીમ ઈન્ડિયા સેમીફાઈનલમાં પહોંચશે તે લગભગ નક્કી છે. ટીમ ઈન્ડિયા ચારમાંથી ત્રણ મેચ જીતી છે, રન રેટ બાબતે પણ તે બાકીની ટીમો કરતા આગળ છે. ઝિમ્બાબવે સામેની અંતિમ મેચમાં વરસાદ પડશે તો પણ ભારતને એક પોઈન્ટ મળશે. જેનાથી સેમીફાઈનલમાં પહોંચવું નિશ્ચિત થઈ જશે. ટીમ ઈન્ડિયા અંતિમ મેચ જીતીને ૮ પોઈન્ટ સાથે સેમીફાઈનલમાં પ્રવેશ કરવાનો પ્રયત્ન કરશે. હવે આ તમામ સ્થિતિમાં કોઈ મોટો પલટો આવશે તો પછી સેમીફાઈનલમાં ફરી એકવાર ભારત અને પાકિસ્તાન વચ્ચેની ટક્કર જોવા મળી શકે છે.

